સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

મૂર્ખ નીતિથી કાશ્મીરનો કિનારો સરી રહ્યો છે,
અણઘડ હાથે પ્રવાસી શિકારો ડૂબી રહ્યો છે
ખરી રહ્યો છે મિનારો 'સરદાર' ના શ્રમનો -
સહેલાણીઓના સ્વર્ગનો સિતારો સરી રહ્યો છે
(કાશ્મીર, જાઉં-જાઉં છે !!)

ગૂંજશે નારો -
'હર હર મહાદેવ'
હર-મંદિરે...
(શ્રાવણ શરૂ...)

જૂથ-બંધીમાં -
'બેન'ની વિદાયનાં -
વાગે ડમરૂ
(આંખે શ્રાવણ?!)

ચિંતન

એવ મેવ કુલે જાતાઃ પાવકોપમ તેજસઃ ।
ક્ષમાવન્તો નિરાકારાઃ કાષ્ઠે અગ્નિરિવ શેરતે ॥

વિદુરજી કુલીન વીરપુરુષનો પરિચય આપતાં કહે છે જેમ કાષ્ઠમાં અગ્નિ છૂપાઈને રહ્યો છે તેમ એ વીરના પરાક્રમો પાછળ પણ હૃદયની વિશાળતામાં 'ક્ષમાભાવ' પણ એટલાં જ ઔદાર્ય સાથે રહ્યો છે :

હે ધૃતરાષ્ટ્ર, જે કુલીન, વીરપુરુષ છે એ શક્તિ અને સામર્થ્યથી તો ભરપૂર છે જ પણ એમની તેજસ્વી પ્રતિભા પાછળ પણ 'ક્ષમા' ધારણ કરીને જ રહેતા હોય છે - અર્થાત્ એમને એમની શક્તિનું અભિમાન જરા પણ હોતું નથી.

માટે હે ધૃતરાષ્ટ્ર પાંડવો વીર છે પણ અત્યારે ક્ષમાને ધારણ કરી મૌન બેઠેલા છે પણ એમનામાં છૂપો અગ્નિ કૌરવોને ભસ્મ કરી નાખવાની તાકાત પણ ધરાવે છે.

સુવિચાર

- સુબુદ્ધિ હોય તો જ સંપત્તિ અલંકૃત બને - **એસ. ભટ્ટાચાર્ય**
- વિજ્ઞાને સત્યનું વચન આપેલ છે... સુખ કે શાંતિનું નહીં - **ડો. કલામ**
- આપત્તિઓ બે પ્રકારની હોય છે. એક... આપણા પર વરસેલું દુર્ભાગ્ય અને બીજી... બીજા પર વરસેલું સદ્‌ભાગ્ય. - **પૂજ્ય મોટા**
- ઈચ્છાથી મુક્તિ જોઈએ છે? તો માત્ર ને માત્ર મુક્તિથી જ ઈચ્છા રાખવી - **ગુણવંત શાહ**
- 'થાય એટલું કામ કરીએ...' એવું વિચારવાને બદલે એવું વિચારો કે 'કરીએ એટલું કામ થાય...' - **ચંદ્રકાન્ત મહેતા**
- પાપ કરતી વખતે સજાના બીજ વવાઈ જ જાય છે - **તોલ્સ્તોય**
- આજનું ઔષધ : વરિયાળીના અર્કમાં મધ મેળવી આંખે આંજવાથી રતાંધણાપણામાં ફાયદો થાય છે.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

માણસ પોતાનાં કર્મ ભૂલી જાય છે ભગવાન પાસે પણ હાર્દિકની જેમ લાંબી લચક શરતોની યાદી રજૂ કરે છે!

એક પાપીનાં પૂણ્યફળ ભોગવાઈને પૂરાં થયાં - હવે પાછો સ્વર્ગમાંથી મૃત્યુલોગમાં પાપના ફળ ભોગવા જન્મ લેવાનો હતો. ચિત્રગુપ્તે ચોપડા પ્રણામે તેણે ઝૂંપડપટ્ટીમાં જનમ લેવા માટે બે યમરાજને મોકલ્યા : કહ્યું, એને ત્યાં જન્મ લેવા માટે લઈ જાવ! યમદૂતો આવ્યા કહ્યું, તારાં પુણ્ય ફળ ભોગવાઈ ગયાં છે હવે 'નરક' ભોગવવા તારે ફરી જનમ લેવાનો છે માટે તૈયાર થઈ જા! પાપીયાએ તો ખિસ્સામાંથી યાદી કાઢી - મારી આ શરતો છે પછી જ તમારી સાથે આવીશ... યમદૂતો હસ્યા - એક કહે તારી યાદી વાંચી તો સંભળાવ!

- પાપીઃ મારો જન્મ કોઈ મિનિસ્ટર કે પોલીસ અધિકારીને ત્યાં જ થવો જોઈએ. બંગલામાં ત્રણ ગાડી હોવી જોઈએ જેમાં મારી બીએમડબલ્યું અલગ! હું દર વર્ષે પરીક્ષામાં 'વ્યવસ્થિત' રીતે સારા ટકા મેળવીને જ પાસ થાઉં - અને વારસાગત રીતે રાજકારણમાં 'મંત્રી' તરીકે જ રહું... મારી કોઈ પણ જાતની તપાસ ન થાય ને થાય તો પણ 'ક્લીનચીટ' આપે એવા ન્યાયાધીશ જ તપાસ રે... બીજો યમરાજ હસતાં હસતાં કહે - તારે ચોર્યાસી ફેરા ત્યાં જ પૂરા કરવાનો ઈરાદો છે કે શું? બંને યમરાજે ટીંગાટોળી કરી તેને મૃત્યુલોકની એક ઝૂંપડીમાં કોઈ ગર્ભમાં ઉંધે માથે લટકાવી આવ્યા...

આનંદીબેનની વિદાય

ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેને મુખ્યમંત્રીપદની જવાબદારીમાંથી પોતાને મુક્ત કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે એની પાછળ ૭૫ વર્ષે બધાએ ફરજિયાત સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લેવાની દલીલ રજૂ કરી છે. જો કે ગુજરાતમાં બનેલા શ્રેણીબદ્ધ બનાવો પછી આનંદીબેનની ખુરશી ખતરામાં તો હતી જ. પાટીદાર આંદોલન પાછળ પણ પક્ષના જ એક વગદાર જૂથનો હાથ હોવાનું બહાર આવ્યા પછી આનંદીબેને ડેમેજ કંટ્રોલના ભરપૂર પ્રયત્નો કર્યા હતા. એમણે જે રીતે પાટીદાર આંદોલન હેન્ડલ કર્યું તેથી હાઈકમાન્ડ અર્થાત્ નરેન્દ્ર મોદી સુદ્ધાં નારાજ હતા તે સ્પષ્ટ હતું. છેલ્લે છેલ્લે આંનંદીબેને છુટ્ટે હાથે રાહતોની લહાણી કરવા માંડી તે પણ કદાચ હાઈકમાન્ડને ન ગમ્યું હોય તે બનવાજોગ છે. ગુજરાત લેતાં હવેલી ખોવાવાળી જૂની કહેવત જરા સુધારીને દિલ્હી લેતાં ગુજરાત ખોવા વારો આવે એવા સંજોગો સરતાયા હતા. વજુભાઈ વાળા, પુરુષોત્તમ રૂપાલા, નીતીન પટેલ અને ભીખુભાઈ દલસાણિયા સહિતના વરિષ્ટ અગ્રણીઓને સાઈડ લાઈન કરીને માત્ર વડાપ્રધાનની ગુડબુકમાં હોવાને કારણે આનંદીબેનને મુખ્યમંત્રીપદની ગાદી વારસાઈમાં સોંપવામાં આવેલી. તે વખતે વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ પણ સ્પર્ધામાં હતા જ. મોદી સામે ઊનો હરફ ઉચ્ચારવાની કોઈની તાકાત ન હતી. દરેકને એક યા બીજી જગ્યા પર ગોઠવી દઈ આનંદીબેન પટેલનો માર્ગ નિષ્કંટક બનાવી દેવાયો હતો. મોદીના ચારે હાથ હોઈ એમનો રિમોટ કંટ્રોલથી જ રાજ ચલાવવાનું હતું. પરંતુ એમને પોતાની આગવી ઓળખ ઊભી કરવાની સ્વાભાવિક ચેષ્ટા કરી અને 'ગતિશીલ ગુજરાત'ના સૂત્ર સાથે તથા પાટીદારની દીકરી તરીકે સૂત્રો સંભાળ્યા તે ક્ષણથી જ એમનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું હતું. પાટીદાર આંદોલન કેન્સરની જેમ વકરતું ગયું અને ૧૦ ટકા સવર્ણ

તંત્રીસ્થાનેથી...

અનામતના પૅકેજ પછી પણ અસંતોષનો ચરુ ઉકળતો જ રહ્યો. હાર્દિક પટેલ જેવા લવરમૂછિયા છોકરાએ જે કાઠું કાઢ્યું અને ગુજરાતના પાટીદારો એની પાછળ ગાંડા થયા તે આનંદીબેન માટે એક વણઊકેલ્યો કોયડો જ બની રહ્યો. ઓછામાં પૂરું સમઢિયાળાની ઘટના પછી દલિતો મેદાનમાં આવતાં આનંદીબેનની વિદાય સુનિશ્ચિત બની ગઈ હતી. ઉત્તર પ્રદેશ અને પંજાબની ચૂંટણીમાં પાટીદાર અને દલિત ફૅકટરનો પ્રભાવ ઓછો કરવા માટે આનંદીબેનનો ભોગ લેવાયો હોય તે બનવાજોગ છે. એમને પંજાબમાં રાજયપાલપદે માનભેર નિયુક્તિ આપી દીધા પછી આ નિર્ણય લેવાયો હોત તો પણ ફરક પડે એમ નહોતો. પંચોત્તેર વર્ષવાળી પૉલિસીનો હવાલો પ્રજાના ગળે ઊતરી શકે એમ નથી. આમ આદમી પાર્ટી આનંદીબેનની વિદાયનો જશ લેવા પ્રયાસ કરે છે અને અહમદ પટેલ તથા ભરત સોલંકીને પણ આકડે મધ દેખાય છે.

ભૂખની સામે આપણે ભણેલા શીખેલા બધા આદર્શો અને ઉસૂલો વામન થઈ જાય છે

મીતાની એ મજબૂરી હતી કે પોતાની મજબૂરી એ કોઈને કહી શકતી ન હતી. કદાચ પોતાના કહેવાય એવાં લોકોને પણ નહીં. બાપુજીની બિમારી, નાના ભાઈ બહેનોના ભણતરનો ખર્ચ, બા ઘરમાં સીવણનું કામ કરતાં તે ૨૪ કલાકમાં ૩૬ કલાક જેટલું કામ ખેંચે છતાં ઘરનું પુરું થતું ન હતું. ૧૬-૧૭ વર્ષની કુમળી વયે જીવનમાં બનેલા એવા એવા બનાવો એ મીતાને એક એવા કળણવાળી જમીન પર લાવીન ઊભી કરી દીધી હતી કે જેમાં તે અંદરને અંદર ઊતરતી જતી હતી. તેમાંથી ઉગરવાનો, બહાર નીકળવાનો બચવાનો કોઈ માર્ગ ન હતો. તેથી તેને એમ લાગતું હતું કે આ કાદવમાં ખુંપી જવું એ જ તેની મજબૂરી છે.

શાળામાં ભણેલ અમે ભીંતો પર લખેલ આદર્શની વાતો જે તેણે ખુબ વાંચી હતી અને જીવનમાં ઉતારવા માંગતી હતી એ બધું અત્યારે નક્કામા થઈ ગયા હતા. એવું તેને નોકરીનો પહેલો ઈન્ટરવ્યુ આપવા ગઈ ત્યારે જ લાગ્યું.

બહુ મોટી અને પ્રતિષ્ઠિત કંપનીમાં એ ઈન્ટરવ્યુ આપવા ગયેલી. જાહેરાતમાં બહુ મોટા પગારની ઓફર હતી. મીતા તેમાં જણાવ્યા મુજબનું કવોલિફીકેશ ધરાવતી હતી. તેથી તેને ખુબ આશા હતી. જતાં જતાં રસ્તામાં તેણે ખુલ્લી આંખે કેટકેટલા સપના જોઈ નાંખેલા. બસમાંથી ઊતરી કંપનીના દરવાજે પહોંચતાં સિક્યોરીટીના માણસે તેને સલામ કરી આવવાની નોંધ રજિસ્ટરમાં કરવા જણાવ્યું. નોંધ કરી તે અંદર પ્રવેશી આગળ સુંદર મોટા બગીચો હતો. એક તરફ પાર્કીંગમાં મોંઘીદાટ કારો તો બીજી તરફ બાઈકો હતી. કંપનીનું આખું બિલ્ડીંગ કાચના એલીવેશનથી ચમકતું હતું. તે અંદર પ્રવેશી ને જોયું તો ઘણી સુંદર સુંદર યુવતીઓ જે લગભગ તેની જ ઉંમરની હતી તે મેઈકઅપ અને આધુનિક પોષાકોમાં એકદમ રમણીય અને મનમોહદ લાગતી હતી. જો કે મીતાએ ભલે તેમના જેવા કોસ્મેટિક વાપર્યા ન હોય અને પોષાક પણ સાદો પહેર્યો હોય છતાં તેનું સુંદરતામાં કોઈ કમી ન હતી. ઈન્ટરવ્યુમાં તેની આગળ બે-ત્રણ યુવક યુવતીઓ બેઠાં હતાં. તે પછી તેનો વારો આવ્યો. તે અંદર ગઈ અને બહુ ઝડપથી બહાર આવી ગઈ. તે હવે કોઈના પણ સામે જોયા વિના સડસડાટ દરવાજાની બહાર નીકળી રોડ પર આવી ગઈ. પાછા ફરતાં તેને લાગ્યું કે કોઈ ગંદા નાળામાંથી નીકળી માંડ પાછી આવી છે. તેને એમ લાગ્યું કે આ દુનિયાની જેટલી ગંદકી અને વિષ્ટા હશે એ બધી જાણે કે તેના શરીર પર નહીં પણ આત્માને ચોંટી ગઈ છે તેની આંખમાં આંસુ આવી ગયા પણ મગજમાં ગુસ્સો ભરાઈ ગયો હતો. બસ આવતાં તે તેમાં ચડી ગઈ અને બારી પાસે બેઠી. બસ ઉપડતાં ઠંડા પવનની એક લહેરખી આવી જેણે તેને જરા શાંત કરી. ઘરે આવી તે ચૂપચાપ પોતાના ઓરડામાં જઈ પલંગમાં પડી.

તે વિચારતી રહી, આદર્શની જે વાતો તેણે વાંચી હતી અને ભણવામાં પણ ખુબ આવી હતી. અને ચારિત્ર્યની શુદ્ધતા અંગે જે કંઈ અત્યાર સુધી તે જાણતી હતી તે બદી વાતોને તે પોતાની મજબૂરીઓ સામે તોલતી રહી. બિમાર બાપુજીની દવા કેમિસ્ટ તેને એ શરતે આપતો કે મીતા તેની સાથે ફરવા આવે. ભૂખ્યા ભાઈ-બહેનો માટે એક વખતનું ભોજન બને એટલું કરિયાણું વાણીયો એ શરતે આપવા તૈયાર હતો કે મીતા તેના અશ્લીલ ગંદા ઈશારાનો જવાબ તેનાથી પણ ગંદી અને અશ્લીલ રીતે આપે. અને

નવાં કલેવર
નટવર હેડાઉ

મોટી કંપનીના 'બોસે' પણ પોતાની મજબૂરી મીતાને સમજાવતા કહેલું કે 'તારે એડજેસ્ટ કરવું પડશે' જે રીતે તું ભૂખ અને ગરીબીથી મજબૂર છે એ રીતે અમે અમારા એશોઆરામ અને ભોગવિલાસની આદતથી મજબૂર છીએ. તું અમારી મજબૂરી સમજ અમે તારી મજબુરીને સમજીશું તેનો ખ્યાલ રાખીશું. બસ આમ આ બધું જિંદગીમાં ચાલ્યા કરે.'

મજબૂરી આદર્શો અને ઉસૂલો પર ભારે પડી. છેવટે મીતાએ મોટી કંપનીમાં નોકરી માટે હા પાડી દીધી. 'બોસ' ખુશ થઈ ગયા અને પુછ્યું એડવાન્સ જોઈએ છીએ? તેણે જરા સંકોચ સાથે ૨૦૦૦ રૂપિયા માંગ્યા. બોસે ખુબ જ દરિયાદીલી બતાવી હજાર હજારની પાંચ નોટો કડકડતી તેની સામે ધરી. જયારે તેને નોટો પકડી ત્યારે ઘડીભર તેને ધ્રુજારી આવી ગઈ હૃદય જાણે કંપી ગયું. પછી સામાન્ય થઈ ગયું. જાણે સ્થિર પાણીમાં કોઈ એ કાંકરી ફેંકી હોય અને થોડીવાર માટે પાણી હલે અને પછી હતું તેમનું તેમ, શાંતિ, પરમ શાંતિ.

જયારે તે બોસના કેબિનમાંથી બહાર આવી તો રિસેપ્શનિસ્ટ રોમાએ પુછ્યું, 'કેમ રહ્યું?' મીતાએ હજાર હજારની પાંચ કડકડતી નોટોની થપ્પી તેની સામે બતાવી કહ્યું, 'રોમા, આ રહ્યો મારો એપોઈન્ટમેન્ટ લેટર, ભુખની સામે આપણે ભણેલા શીખેલા બધા આદર્શો અને ઉસૂલો વામન થઈ જાય છે.'

રોમાનું સ્મિત વધી ગયું. બોલી, 'વૅલકમ' મીતાએ પણ એ જ સ્મિત વેરતાં જરાક રોમા તરફ જોયું પછી ઝડપ ભેર ઑફિસની બહાર નીકળી ગઈ.

રિલેશનના એકાઉન્ટમાં ઈમોશનનું ઝિરો બેલેન્સ ન ચાલે

ઓશોએ કહ્યું છે કે "ચાહવા માટે બે વ્યક્તિ હોય એ હંમેશા જરુરી નથી. તમે ખુદને ચાહી શકો, તમે ખુદના પ્રેમમાં પડી જુઓ. તમે અગર ખુદને જ ન ચાહતા હો તો અન્યને કઈ રીતે ચાહી શકશો?"

ઓશોએ ખુબ સરસ વાત કરી છે. સૌપ્રથમ તમે ખુદને પ્રેમ કરો, પછી અન્યને પ્રેમ કરો. તમે જો તમારી જાતને પ્રેમ આપી ન શકતા હો તો અન્યને કેવી રીતે આપી શકશો? આમ ન બને ત્યારે પ્રેમસંબંધ પણ ઔપચારિક બની જતો હોય છે. શું તમે કદીય કુદરતના ખોળે સમી સાંજનું સૌંદર્ય માણ્યું છે? શું તમે શ્રાવણિયા વરસાદમાં કપડાં નહીં, દિલ ખોલીને ભીંજાયા છો? શું તમે પોષ મહિનાની કડકડતી ઠંડીમાં વહેલી સવારે સૂર્યોદય નિહાળ્યો છે? શું તમે વૈશાખી બપ્પોરે લીમડાના વૃક્ષના છાંયે થોડી ક્ષણો ગાળી છે? જો આવા બધા સવાલોના જવાબ "ના"માં આવે તો સમજવું કે તમે તમારી જાતને જ ચાહી શક્યા નથી. બહારના વરસાદ સાથે ભીતરના વરસાદનો તાલમેલ બેસાડવાની વાત છે.

એક જાણીતી ઝેન કથા છે : એક ધનિક મંદિરમાં પ્રવેશતા પહેલા મંદિરની બહાર બેઠેલા એક ગરીબ માણસને સોનાની ગિની દાનમાં આપે છે. પરંતુ પેલો ગરીબ એ દાન લેવાનો ઈનકાર કરી દે છે. ધનિકને નવાઈ લાગે છે. આશ્ચર્ય એ વાતનું થાય છે કે આ ગરીબ પોતે આપેલા દાનનો શા માટે અસ્વીકાર કરે છે? પેલો ગરીબ માણસ સવાલ સમજી જાય છે અને પ્રતિ પ્રશ્ન કરે છે કે "નામદાર શેઠ, અવિવેક બદલ ક્ષમા ચાહું છું, પણ તમે અહીં મંદિરમાં ભગવાન પાસે કશુંક માગવા જ આવ્યા છો ને?"

ધનિક વ્યક્તિએ હકારમાં માથું હલાવીને હા પાડી.

ગરીબ વ્યક્તિએ કહ્યું કે "ખરેખર તો તમે પણ ભિખારી જ થયા ને. તમે અને હું બેઉ સરખા. હું તમારી પાસે દાન લઉં, એના કરતા તમે જેની પાસે માગવા આવ્યા છો, એની પાસે જ સીધું ના માગી લઉં?"

કોની પાસે માગવું? અને શું માગવું અને ક્યારે માગવું? એ બધી

> ઘણા લોકો સ્વભાવથી જ સેલ્ફ-સેન્ટર્ડ હોય છે. હંમેશા સ્વકેન્દ્રી વિચારધારા સ્વાર્થનું જ બીજું નામ છે. કોઈ પણ રિલેશનમાં ઈમોશન પણ વેલ્યુ-એડિશન તરીકે એડ થવી જ જોઈએ. જો કોઈ સંબંધમાં લાગણી નામનું તત્વ જ ગેરહાજર હોય તો એવા સંબંધ માત્ર કૃત્રિમ અથવા ઔપચારિક બનીને રહી જાય છે.

વાતોનો પણ મહિમા છે અને મહત્વ છે. તમે જેની પાસે પ્રેમની અપેક્ષા રાખો અથવા પ્રેમ માગો, એ વ્યક્તિ પાસે તો પ્રેમનો ભંડાર હોવો જોઈએ ને? જો તમે જેની પાસે માગી રહ્યા હો, એની પાસે જ પ્રેમનું તત્વ નહીં હોય તો તમે ખુદ છોભીલા પડી જશો. તમે શરમિંદા બની જશો. તમને તમારી જાત ઉપર પણ શરમ આવશે કે "હે ભગવાન, હું એની પાસે પ્રેમની માગણી કરી રહ્યો છું કે જેની પાસે આપવા માટે પ્રેમનો સ્ટોક જ નથી."

દરેક કલ્પના હંમેશા સરસ અને સુંદર જ હોય છે, પરંતુ કલ્પના મુજબ જીવી શકાતું નથી. જ્યારે વાસ્તવિકતા હંમેશા કડવી દવા જેવી જ હોય છે અને તેને દવાની માફક જ સ્વીકારવી જ પડતી હોય છે. વાસ્તવનો ઈનકાર થઈ શકતો નથી. ચાહત એટલે રાત-દિવસનો સંગાથ. તમારા જીવનમાં અંધકાર આવી જાય એટલે જો સાથ છુટી જતો હોય તો એવા સંબંધનો કોઈ અર્થ નથી.

ગુલમહોર
દિનેશ દેસાઈ

રિલેશનના એકાઉન્ટમાં ઈમોશનનું ઝિરો બેલેન્સ ન ચાલે. આપણી આસપાસ નજર કરો તો જણાશે કે ઘણા લોકો સ્વભાવથી જ સેલ્ફ-સેન્ટર્ડ હોય છે. હંમેશા સ્વકેન્દ્રી વિચારધારા સ્વાર્થનું જ બીજું નામ છે. કોઈ પણ રિલેશનમાં ઈમોશન પણ વેલ્યુ-એડિશન તરીકે એડ થવી જ જોઈએ. જો કોઈ સંબંધમાં લાગણી નામનું તત્વ જ ગેરહાજર હોય તો એવા સંબંધ માત્ર કૃત્રિમ અથવા ઔપચારિક બનીને રહી જાય છે.

જો તમારી લાઈફ એટલે ટોપ-સિક્રેટ તો શું બીજાની લાઈફ કંઈ ન્યૂઝપેપરની હેડલાઈન છે? તમારું દુઃખ-દર્દ સાચું, તો બીજાનું દુઃખ-દર્દ કંઈ નાટક છે? તમારું અપમાન થાય તો એથી આત્મસન્માનને ધક્કો લાગી શકે તો પછી બીજાનું અપમાન થાય તો શું એ જોક છે? તમે કોઈ કારણસર કોઈને રિપ્લાય ન આપી શકો તો તમે બિઝી છો, એમ માનવાનું અને જો બીજા કદાચ જવાબ ન આપી શકે તો શું એ રિલેશન પ્રત્યે કેરલેસ છે? તમારો પ્રેમ એટલે અમરપ્રેમ, તો શું બીજાના પ્રેમસંબંધને લફરું નામ આપવાનું? તમારાથી કોઈ ભુલ થાય તો તમે નિર્દોષ અને ભોળા, પરંતુ બીજાથી કશુંક ખોટું થયું હોય તો શું એ કપટી કે ચાલાક છે?

ઓશો કહે છે એમ પ્રેમ આપણને જીવન જીવતા શીખવાડે છે. પ્રેમ તમને ધૈર્યવાન બનાવે છે. પ્રેમ તમને નિરાભિમાની બનાવે છે. પ્રેમ તમને અહંકારમુક્ત બનાવે છે. પ્રેમ તમને નિર્દોષ અને મુક્ત પણ બનાવે છે. પ્રેમ તમને ડાઉન-ટુ-અર્થ જીવતા પણ શીખવે છે. પ્રેમની પારાયણ જીવનમાં મેઘધનુષના સાત રંગ પુરે છે. પ્રેમ એટલે જ ધર્મ અને અધ્યાત્મની ચરમસીમા.

જસ્ટ ટ્વીટ : "ભર વરસાદમાં કોરો રહે એ માણસ નહીં, પણ પ્લાસ્ટિકનો રેઈનકોટ છે."

- ગુણવંત શાહ

લૅટ્સ પ્લે, પૉકેમોન ગો...!! રાયચુ-પીકાચુને શોધવા ફરી રહેલાં ક્રેઝી યુવાનો...!!



વસ્ત્રાપુર તળાવની પાળે દસ-પંદર કૉલેજીયન યુવક-યુવતીઓ મોબાઈલ લઈને કંઈક શોધી રહ્યાં હતા. પહેલાં તો ખબર જ ન પડે કે તેઓ શું કરે છે. દરેકનાં મોબાઈલમાં જીપીઆરએસ, કેમેરા અને નેટ ઓન હતું... ને એટલામાં જ એક છોકરી ઊછડી પડે, 'યર, મને રાયચું મળ્યો.' અને બધાં એ 'વૉવ, વૉટ અ ગ્રેટ' કરીને વિશ કરી.

હમણાં થોડા દિવસ અગાઉ અનુષ્કા શર્મા પણ મોબાઈલમાં કંઈક ગેમ રમતાં એના આંગણામાં 'વેનુસૌર' ને શોધતી હતી, અને એના ફોટો વીડિયો વાયરલ થયા હતા... છેલ્લા આઠ દિવસથી એકેય દિવસ એવો નથી ગયો કે જયારે 'પૉકેમોન ગો' મોબાઈલ ગેમની કોઈ વા ન સાંભળી હોય કે વાંચી ન હોય! એક મોબાઈલ ગેમ સંપૂર્ણ વિશ્વને પાગલ બનાવે, લોકો પોતાના ભણતર, કરિઅર, જોબ અને જીવની પણ ચિંતા કર્યા વગર આ ગેમ રમવામાં ક્રેઝી થયા છે. પૉકેમેનને શોધતાં દિવસ-રાત લોકો શહેરોમાં ગાંડાની જેમ ફરી રહ્યાં છે.

આજથી પાંચ વર્ષ પહેલાં શરુ થયેલા મોબાઈલ ગેમ્સમાં એક સમયે એન્ગ્રી બર્ડ, સબવે સર્ફર, ટેમ્પલ રન, કેન્ડી ક્રશ બાદ હવે પૉકેમોન ગો આવી છે. અને યુવાનોમાં - ટીનેજર્સમાં તો જોરદાર ફેવરીટ થઈ છે. પૉકેમોન ગો જીપીએસ સિસ્ટમથી રમાતી ઓનલાઈન ગેમ છે. તે માટે એક ઠેકાણે બેસી રહેવાને બદલે રસ્તા પર ઊતરી પડી પૉકેમોન પકડવામાં આંટાફેરા મારવા પડે છે. દરમિયાન તમારી નજીક રહેલા પૉકેમોન તમારા મોબાઈલ સ્ક્રિન પર દેખાય છે. તેને બોલથી મારીને પકજી લેવાનો રહે છે.

આ રસપ્રદ ગેમને લીધે સ્માર્ટ ફોન ધરાવતાં છોકરાઓ, ટીનેજર્સ, યંગસ્ટર્સ પૉકમોન પકડવાં દોડધામ કરી રહ્યાં છે. અનેક કૉલેજીયનો લેકચર પુરા થયા બાદ (કેટલાક તો બંક કરીને) મિત્રો સાથે પૉકેમોન શોધવા બબ્બે-ત્રણ કલાક ફરી રહ્યાં છે. તેમાં પણ રૅર હોય એવા વૉટર, ઘોસ્ટ પૉકેમોન માટે ખૂબ મહેનત કરે છે.

મોબાઈલમાં જીપીએસ, વાઈફાઈ, ઈન્ટરનેટ ડેટા પૅક કરીને ગેમ રમી શકાય છે. ભારતમાં પૉકમોન ગોનું ઑફિસિઅલ વર્જન લોન્ચ નથી થયું એટલે જેન્ડરથી લેવાય છે. જેમાં ગેમ રમનાર વ્યક્તિનું પાત્ર પોકેમોન ટ્રેનર તરીકેનું હોય છે. પોકેમોન ટ્રેનરે પોકેમોન શોધીને એક નાનકડાં બોલમાં પુરવાના હોય છે. પૉકેમોનની સંખ્યા અને પોઈન્ટના આધારે લેવલ પાર કરાય છે... પોકેમોન જીમ એટલે કે ફાઈટીંગની જગ્યાએ બીજાના પૉકેમોન સાથે પોથાના પૉકેમોનને લડાવવામાં હોય છે. આમ કેચિંગ અને ફાઈટીંગ માટે યુવાનો દોડે છે.

નેવુના દશકમાં ઉછરેલા જનરેશનને પોકમોન કાર્ટુન સિરીઝ ખબર છે. આ કાર્ટુન સિરીઝમાં ૭૨૧ પ્રકારના પોકેમોન સમાવાયા છે. તમાં ફલાઈંગ, નોર્મલ, પોઈઝન, વોટર, ફાયર, રાઈચુ, પીકાચુ જેવા ઈલેકટ્રીક, ગ્રાઉન્ડ, ફૅરી, સાઈકી, રોક ગ્રાઉન્ડ, ઈલેકટ્રીક સ્ટીલ, ઘોસ્ટ, બગ જેવા

> **લાલસાઓ સાવ ખોટું બળ બને બનતા સુધી,**
> **જાનલેવા કોક દી' સાથળ બને બનતા સુધી!**
> **- રાજુલ ભાનુશાલી**

પૉકેમોન છે. જીમમાં ફાઈટીંગ વખતે પોતાની ક્ષમતા પ્રમાણે પોકેમોન ફાઈટ કરે છે. જીમમાં ફાઈટીંગ વખતે પોતાની ક્ષમતા પ્રમાણે પોકેમોન ફાઈટ કરે છે. જયારે બલ્બાસૌર, લીવીઆસૌર, વેનુસૌર, ચારમંડેર, પિકાચુ, રાયટુ જેવા પૉકમોન ફેવરીટ છે.

વિવિધ પ્રકારના પોકેમોનનું લોકેશન સતત બદલાતું રહે છે. તેમ છતાં શહેરમાં મોલ, સેન્ટ્રલ વિસ્ટા, સ્કૂલ - કૉલેજ, હોસ્પિટલ, કેનાલ, ગાર્ડન, ઓવર બ્રિજ, સ્મશાન, થિયેટર... એટલે કે પબ્લિક પ્લેસ પર પોકેમોન વધુ મળે છે. ઘોસ્ટ જેવા પોકેમોન જંગલ, અવાવરું જગ્યા કે કબ્રસ્તાન વગેરે ઠેકાણે મળે છે એવું પૉકેમોન પકડવાં યુવાનોનું કહેવું છે.

સામાન્યપણે મોબાઈલ ગેમમાં એકઠેકાણે બેસીને આખી ગેમ રમી શકાય છે. જયારે પૉકેમોન ગો માટે તો શહેર આખામાં આંટાફેરા કરવા પડે છે. શારીરિક હાજરી જોઈએ, એટલે ગેમમાં રસ જળવાય. વળી પૉકેમોનને પકડતાં જ આંતરિક માનસિક ખુશી થાય છે. પૉકેમોન ગેમમાં આભાસી અને વાસ્તવિક દુનિયાનો એક સાથે અનુભવ થાય છે. સ્પર્ધા અને પ્રભુત્વ એ માનવી પ્રકૃતિનું મહત્ત્વપૂર્ણ અંગ છે અને પૉકેમોનમાં આ બંને અનુભવ થાય છે. પૉકેમોન પકડવામાં અને લડાઈ કરવાની, અને એટલે જ આ ગેમ આટલી ફેમસ થઈ છે.

પોકેમોનમાં માસ્ટર બનવા માટે રમનારને ખ્યાલ હોવો જોઈએ કે એને કંઈ જગ્યાએ શું મળી રહેશે. જયાં વધુ પબ્લીક આવતી હોય એટલે કે શોપિંગ મોલ, થિયેટર, રેસ્ટોરન્ટ માર્કેટ અથવા શહેરની પોપ્યુલર જગ્યાએ સૌથી વધુ પૉકેમોન મળી શકે છે. પોકેમોન ગો જાપાની કંપની નીઆન્ટીકે આ રિઆલીટી બેઈઝ ગેમ બનાવી છે. ગેઈમના ફાઉન્ડર્સ દ્વારા આવી જગ્યા અલ્ગોરિધમ પર નક્કી કરવામાં આવી છે. જેને પૉકેમોન પ્લેસીસ કહેવાય છે.

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

પૉકેમોનનો ક્રેઝ વિશ્વવ્યાપી બન્યો છે. લંડનની ૨૬ વર્ષીય સોફિયા પેદાસાએ ફુલટાઈમ પોકેમોન ગો પ્લેયર બનવા તગડા પગારવાળી નોકરી છોડી દીધી છે. પોકેમોન દિવાની સોફિયા માને છે કે આ નોકરી કરતાં પોકેમોન ગો ગેમ રમવામાં ક્યાંક વધુ પૈસા મળશે. એ હવે પોકેમોન ભેગા કરી ઓન લાઈન વેચી દેશે. મહિને પોણા બે લાખ કમાવતી સોફિયાની ગણતરી પ્રણાણે તે આટલા રૂપિયા તો માત્ર ચાર-પાચ દિવસમાં કમાઈ લેશે!

આ ગેમે અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયાને ઘેલું લગાડ્યું છે. પણ એના અતિરેકથી અનેક દેશોમાં 'નૉ પોકેમોન પ્લીઝ'ના બૅનર પણ લાગી ચૂક્યા છે. કેટલાંક ઠેકાણે બોર્ડ લાગ્યાં છે કે અહીં કોઈએ પૉકેમોન શોધવા નહીં. ડ્રાઈવ કરતા, સ્મશાન, દવાખાના અને કૉલેજમાં 'અહીં પોકેમોન રમશો નહીં' ના સાઈન બોર્ડ લાગ્યાં છે. હજુ આપણાં ત્યાં આ પૉકેમોન એટલાં આવ્યા નથી પણ આવશે તો લોકો કામધંધો છોડીને પૉકેમોન શોધવા નીકળશે એવું નક્કી છે.

અમેરિકામાં ચાર ચોરોએ ભેગાં થઈ યુઝર્સને પોકેમોન મેળવી આપવા માટે પોકેસ્ટોપ આવવા માટે ભરાવીને એમને લૂંટી લીધાં. એક છોકરી પોકેમોન શોધતાં ફરતી હતી અને એક નાળા જોડે એને ડૅડ બૉડી મળી આવી હતી. હમણાં થોડા દિવસ પહેલાં જ ગાંધીનગર શહેરમાં એક યુવાન પૉકેમોનની શોધમાં કોઈકના ઘરમાં ઘૂસી ગયો હતો અને જેને પોલીસે પકડીને એના માબાપને હવાલે કર્યો હતો.

સેમ આવો જ કિસ્સો બોસ્નિયામાં બન્યો હતો, એક બાળક પૉકેમોન પકડવાં કોઈકના ઘરમાં ઘૂસ્યો અને માલિકે ચોર સમજીને ગોળી ચલાવતાં એનું મૃત્યુ થયું હતું, પૉકેમોનના ક્રેઝનાં કારણે બાઈક પર મોબાઈલ ઑન રાખતા કે પૉકેમોન પકડવા આજુબાજુની દુનિયા ભૂલતા લોકો અકસ્માતનો ભોગ બને છે.

પૉકેમોન ગેમનાં કારણે ઘરની બહાર નીકળતા થયેલાં યુવાનો, આઉટડોર જતાં જો